।। શ્રી ગોકુલેશો જયતિ ।।

# આપણુ બહાદરપુર = એક પરિચય



પ્રેમીલા મફતલાલ શાહ

વડીલોને અર્પણ

## આપણુ બહાદરપુર

બહાદરપુર ગામનો પરિચય ઘણા સંક્ષેપમાં આપેલ છે.

સ્થાન : બહાદરપુર ગામ અતિ સુંદર રળિયામણું અને પવિત્ર ગામ છે. જે ઓરસંગ નદીને કિનારે આવેલું છે. નદીની સામે કિનારે સંખેડા ગામ છે. બહાદરપુર સંખેડા તાલુકામાં અને વડોદરા જિલ્લામાં આવેલુ છે. ટૂંક સમયમાં બહાદરપુર છોટા ઉદેપુર જીલ્લામાં આવશે. બહાદરપુર આજુ બાજુના ઘણા નાના મોટા ગામોથી જોડાયેલું છે. બહાદરપુરનો ઉત્તર અક્ષાંશ ૨૨.૧૦ અને પૂર્વ રેખાંશ ૭૩-૩૭ છે. અહીંયા વરસાદ સરેરાશ ૩૫ ઈંચથી અધિક અથવા તેનાથી ઓછો પણ પડે છે. જેમાં વધ ઘટ રહે છે.

વસ્તી :- બહાદરપુરની વસ્તી લગભગ ૮ હજારની આસ પાસ છે. ગામમાં મુખ્ય વસ્તી ઝારોલા વણિક, પટેલ, બ્રાહ્મણ તથા સોની, દરજી, મોચી, લુહાર પંચાલ, હરિજન અને આદિવાસી લાકોની વસ્તીમાં બારીઆ તડવી સમાજનો સમાવેશ થાય છે. નોકરી અને ધંધા અર્થે ઘણા બહારગામના લોકો આવીને વસ્યા છે. બહાદરપુરમાં મોટે ભાગે દશા ઝારોલા વણિકોની વસ્તી છે. ઝારોલામાં બે પેટા ભેદો છે જેમા દશા અને વીસા વણિક છે. મૂળ ઝારોલા શબ્દ સૂચવે છે કે ઝાલોર ગામથી આવ્યા હશે. ઝાલોર ગામ રાજસ્થાનમાં આવેલ છે. ત્યાં ઝારોલા લગભગ મધ્યકાળમાં રજપૂત યુગમાં આવીને વસ્યા હશે, જયારે રાજસ્થાનમાં મુસલમાનો નો ૧૩મી સદીમાં અંત આવ્યો ત્યારે મુસલમાનોના ત્રાસથી આ ઝારોલા વણિક જ્ઞાતિજનો ગુજરાતમાં જુદા જુદા સ્થાને વસ્યા હતા. ઉત્તર ગુજરાતમાં દેવગામ, પાટણ, હારીજ અને રાધનપુરમાં વસ્યા હતા. તેઓ પોતાની સાથે પોતાના કુળદેવી હિમજા માતાની મૂર્તિને લાવ્યા હતા અને તેની પ્રતિષ્ઠા દેવગામમાં કરી હતી. આથી દેવગામ (બનાસકાંઠા) તેમના માટે તીર્થધામ ગણાય છે. અને દર વર્ષે કેટલાય ભાવિક ભકતો દર્શનાર્થ જાય છે. ભાદરવાસુદ છઠ્ઠનો પાઠોત્સવ તેમજ સવિશેષ ઉત્સવ મહામહીના માં ઉજવાય છે.

મહાસુદ - ૧૩થી પૂનમસુધીના દિવસોમાં મેળો ભરાય છે તે દિન

તેમના માટે અતિ મહત્વનો છે. ઉત્તર ગુજરાતમાં વસેલા ઝારોલા વણિકો બે વિભાગમાં વહેચાઇ ગયા હતા. જેમાં મધ્ય ગુજરાતમાં કેટલાક ઝારોલા વણિકો જુદા જુદા ગામોમાં આવીને વસ્યા હતા. પાંચ ગામમાં વીસા ઝારોલાએ વસવાટ કર્યો હતો જેમાં ખેડા, મહેમદાબાદ, રઢુ, વડોદરા અને અમદાવાદ દશા ઝારોલાએ સાત ગામમાં વસવાટ કર્યો હતો. જેમાં બહાદરપુર, ડભોઇ, વડોદરા, હાલોલ, વાલોડ, કડોદ અને અમદાવાદ વગેરે ગામોમાં વસ્યા હતા.બહાદરપુરમાં દશા ઝારોલામાં પુષ્ટિ માર્ગીય કુટુંબોની વંશા વલી જોતા લગભગ પંદરથી અધિક પેઢીની વંશાવલી હાલ ઉપલબ્ધ છે. તેમાં મોટા ભાગના પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો હાલ બહાદરપુરમાં વસે છે. તેઓ શ્રી ગુસાંઇજીના સમયમાં વસ્યા હશે કારણ જયારે શ્રી ગોકુલનાથજી ભુતલપર બિરાજમાન હતા ત્યારે સંવત ૧૬૯૨ થી સંવત ૧૬૯૭માં શ્રીમદ્ ગોકુલમાંથી મહાઉત્સવમાં બહાદરપુરના કેટલાક ભાવિક વૈષ્ણવો શ્રીમદ્ ગોકુલમાં ગયા હતા. તેનો ઉલ્લેખ ગ્રંથમાં નામ સહિત આપ્યો છે. ‘‘બહાદરપુર’’ ગામનું નામ કેવી રીતે પડયું હશે? બહાદરપુર ગામનો ઈતિહાસ જોતા ગુજરાતનો છેલ્લો સુલતાન બહાદુરશાહ થઇ ગયો હતો આથી અનુમાન કરી શકાય કે બહાદરપુરનું નામ બહાદુરશાહ પરથી પડયું હશે. બહાદરપુરનો ઈતિહાસ મોગલ સુલતાન સુધી જાય છે. બહાદરપુરના દશા ઝારોલાના ગોર ઝારોલા બ્રાહ્મણ છે. તેમના કુળદેવી હિમજામાતા છે. તેની પૂજા ઝારોલા બ્રાહ્મણો કરે છે. બહાદરપુરમાં હાલમાં લગભગ ૫૦ થી ૬૦ કુટુંબ કરતા ઓછા વસે છે. ઝારોલા વણિકો મોટે ભાગે વેપાર કરતા હતા. ધંધો રોજગાર સમય જતા મંદ પડવાથી ધણા કારણોસર મોટા ભાગના વડોદરા, અમદાવાદ, છોટાઉદેપુર, તેજગઢ, કલારાણી, જાંબુઘોડા ગામોમાં ધંધા અર્થે વસ્યા. આ ઉપરાંત ધણા દશા ઝારોલા વણિકો તક મળતા અમેરિકામાં અને કેનેડામાં વસ્યા છે. બહાદરપુર ગામમાં હાલ મોટા ભાગની વસ્તી પટેલ જ્ઞાતિ ની છે. તેમાં છાણી ફળિયામાં જે પટેલો રહે છે તેઓ લગભગ ૪૦૦ થી ૫૦૦ વર્ષોથી રહેતા હતા. અને જે પટેલો દેસાઇફળિયા માં

રહે છે તે પટેલો લગભગ ત્રણસો વર્ષની આસપાસ બહાદરપુરમાં આવીને વસ્યા હતા. દેસાઈ ફળિયાના પટેલો મૂળ કરમસદથી આવેલા છે. તેઓ મોટે ભાગે ખેતીના વ્યવસાય માં જોડાયેલ છે. પટેલોના ઘણા કુટુંબો પરદેશમાં વસ્યા છે. વિશેષ કરીને અમેરિકામાં રહે છે. બહાદરપુરમાં મુખ્ય બે જાતના બ્રાહ્મણો વસે છે. જેમાં ઔદિચ્ય બ્રાહ્મણ તથા ઝારોલા બ્રાહ્મણ છે. ઔદિચ્ય બ્રાહ્મણ એટલે કે તેઓ ઉત્તરમાંથી આવેલા બ્રાહ્મણો હશે. તેમની વસ્તી લગભગ ૩૫૦ થી ૪૦૦ હતી. ૫૦ થી ૬૦ કુટુંબો બહાદરપુરમાં વસતા હતા. સમય અનુસાર ઘણા બહાદરપુર થી બહાર ગામમાં વસ્યા હતા. ઝારોલા બ્રાહ્મણોની વસ્તી લગભગ ૬૦ થી ૭૦ ની હતી. તેમનો મુખ્ય વ્યવસાય યજમાનવૃતિ, કર્મકાંડ અને જ્યોતિષનો છે.

બહાદરપુરનો વિકાસ થયો છે. પહેલા રેલ્વે લાઇન નાની હતી હવે રેલ્વેલાઇન બ્રોડગેજ થઇ ગઇ છે. ગામમાં અને બીજા ગામોને જોડતા રસ્તાઓ, પાકારોડ થવાથી એસ.ટી.ની સુવિધા વધુ મળે છે. સંખેડા બહાદરપુર વચ્ચે પુલ બનેલો છે. ગામ એકંદરે સુખી છે. ગામના લોકો ધાર્મિક અને સેવાભાવી છે. માટે ગામની પ્રગતિમાં ઘણો ઘણો વિકાસ થયો છે. ઓરસંગ નદીની રેતી ખૂબ સારી ગુણવત્તા ધરાવે છે. જેથી તે રેતી બહાર ગામ અને મુંબઇ સુધી જાય છે.

બહાદરપુર ગામના નાના બાળકો પૂર્વપ્રાથમિક બાલમંદિર ના શિક્ષણથી અને તેમના બાળપણના સુવર્ણ સંસ્મરણોથી વંચિત ના રહે આથી લગભગ ૭૦ વર્ષ પહેલા ઇ.સ. ૧૯૨૧માં બાલમંદિરની સ્થાપના થઇ હતી. ગામમાં ઝારોલા વણિકની વાડી છે તેના માળ ઉપર પ્રથમ બાલમંદિરનો શુભ આરંભ થયો હતો. અને નાના નાના બાળકો ઘણા ઉત્સાહ, ઉમંગથી રમતા, ખેલતા હતા. તે સમયે સરકાર તરફથી નજીવી ગ્રાન્ટ મળતી હતી. બાળકો પાસે પણ ઘણી નજીવી ફી લેતા હતા. તેમાથી બાળકોને નાસ્તો આપવાની વ્યવસ્થા અને વહીવટી ખર્ચ નીકળતો હતો. સંવત ૧૯૪૭ -૪૮માં બાલમંદિરનું પોતાનું આગવું મકાન સુવિધાઓ સહિત બંધાવ્યું હતું. જે આજે ખૂબ સારી રીતે ચાલે

છે. હવે સંસ્થા પાસે પોતાની મુડી છે. એક સેવાભાવી બ્રાહ્મણ વિધવા બહેને બાલમંદિર માટે પોતાનું ૩ એકરનું ખેતર દાનમાં આપ્યું હતુ. જેની આવકથી તેમજ બાળકોની ફી આવવાથી અને સરકારની ગ્રાંટ આવવાથી અતિ સુંદર સુવિધાઓ બાળકોને મળી શકે છે. આ બાલમંદિર સિવાય પણ ભારત સરકારની સુંદર યોજના દ્વારા બીજા પાંચ ઘોડીયાઘર મંગલ ભારતી દ્વારા ચાલે છે. આજે ગામના નાના બાળકોને કેળવણી મળે છે. અને ગામના ભાઇ બહેનોને નોકરી મળી છે. જે ઘણી જરૂરી હતી. બહાદરપુર ગામમાં ગુજરાતી પ્રાથમિક શિક્ષણની સુવિધા છે. ગામમાં કુમારશાળા અને કન્યાશાળા આવેલી છે. કુમારશાળામાં પ્રથમ માત્ર ૧થી૪ ધોરણના વર્ગો હતા. સમય જતા ધોરણ ૧થી૭ ના વર્ગોની સુવિધા થઇ કુમારશાળાનો થોડો ભાગ સરકાર તરફથી બંધાયો હતો. શાળા સંખ્યાની દ્રષ્ટિએ અને વર્ગોની દ્રષ્ટિએ ઘણી નાની હતી. આથી અમદાવાદના એક સેવાભાવી ભાઇએ દાનની મદદ કરી ત્રણ ઓરડા બંધાવ્યા. વસ્તી વધવાથી અને શિક્ષણની જાગૃતિ ની અભિલાષાને કારણે હજી શાળા નાની પડે છે. હજી સુવિધાની આવશ્યકતા છે. કોઇ સેવાભાવી ભાઇની મદદથી હજી વધુ ખંડ બને તો ઘણી સારી વાત છે. જેથી ઘણા બાળકો શિક્ષણથી વંચિતના રહે. બહાદરપુર ગામમાં કન્યાશાળા આવેલી છે. કન્યાશાળામાં પ્રથમ ૧ થી ૪ ધોરણની વ્યવસ્થા હતી. સમય જતા ૧ થી ૭ ધોરણ ની સુવિધા થઇ. કન્યાશાળાનું મકાન પહેલા ધર્મશાળા તરીકે ઉપયોગમાં લેવાતું હતું. ત્યારબાદ કન્યાશાળા તરીકે ઉપયોગમાં લેવા ગામલોકોએ આપ્યું હતું. શાળામાં પુરતા ઓરડાની વ્યવસ્થા ન હતી. આથી શાળા ઘણી નાની પડતી હતી. ગામના વતની જમનાદાસ મોહનલાલ દેસાઇ નામના સેવાભાવી સદગ્રહસ્થે પોતાના પત્નીના નામે ચાર ઓરડાં બંધાવ્યા હતા અને હાલ તેમાં વર્ગો ચાલે છે. વસ્તિના પ્રમાણમા આજે પણ શાળાનું મકાન ઘણુ નાનુ પડે છે. કોઇ સેવાભાવી સદગ્રહસ્થને કન્યાશાળા માટે શુભવિચાર આવે તો વિદ્યાર્થીનીઓ માટે આર્શિવાદ રૂપ બની. બહાદરપુર ગામમાં મુસલમાનોની વસ્તી સારા

પ્રમાણમાં છે. એટલે તેમના બાળકોને ભણવા માટે શ્રી સયાજીરાવ ગાયકવાડના સમયથી એક ઉર્દુશાળા સ્થાપવામાં આવેલ છે. તે હાલ ચાલુ છે તેમાં ૧ થી ૪ ધોરણો ભણાવવાની સુવિધા ધરાવે છે. ધોરણ ૪ પછી તે બાળકો ગામની કુમાળશાળામાં દાખલ થાય છે. પૂર્વ પ્રાથમિક શિક્ષણ અને માધ્યમિક શિક્ષણ ની વ્યવસ્થા છે. સરકાર તરફથી ગામમાં પ્રથમ ૧ થી ૭ ધોરણ ગુજરાતી અને અંગ્રેજીની મિશ્ર શાળા કહેવાતી હતી. સંવત ૧૯૨૧ થી સં ૧૯૪૭ સુધી તે વ્યવસ્થા ચાલી. ગામના અતિ ઉત્સાહી લોકોએ ધોરણ ૮-૯ની ખાનગી શાળાની વ્યવસ્થા કરી. પહેલા ભાડાના મકાનમાં સ્કૂલ ચલાવતા હતા. જે જુની પોષ્ટ ઓફિસની બાજુમાં નાની બજારમાં જતા માધ્યમિકશાળા આવતી હતી. તેં સમયે મેટ્રિકના વર્ગ ન હોવાથી વિદ્યાર્થીઓ સંખેડા ભણવા જતા હતા કેટલાક બહાર ભણવા જતા હતા. થોડા વર્ષો પહેલા સરકાર પાસે પરવાનગી મેળવી અને મેટ્રિક (એસ.એસ.સી) ના વર્ગ ચલાવતા, હવે તો ધોરણ ૧૨ સુધીના વર્ગો ચાલે છે. ગામના ઉત્સાહી લોકોના સહકારથી એક મંડળની સ્થાપના કરવામાં આવી  જેનું નામ ''શ્રી સાર્વજનિક સંસ્કાર મંડળ'' આપવામાં આવ્યું. તે મંડળનું બંધારણ ઘડવામાં આવ્યું અને એ મંડળના નેજા હેઠળ શ્રી દ્વારકેશ સાર્વજનિક હાઈસ્કૂલનું નામ આપવામાં આવ્યું, એક સેવાભાવી કુટુંબના સભ્યે રૂા.૧૫,૦૦૦ હજાર ભગવાનના નામ જોડવાની શરતે આપ્યા તેમજ બીજા સેવાભાવી સદગ્રહસ્થો દરેક ઓરડા ઉપર પોતાના નામની તકતી મુકવાની શરત રૂા.૨૦૦૦ હજાર આપ્યા અને બધાના સાથ સહકાર થી  શ્રી દ્વારકેશ સાર્વજનિક હાઈસ્કૂલનું મકાન વિશાળ બની ગયું જે ગામની બહાર સ્ટેશન નજીક છે. આજે આ હાઈસ્કૂલ પણ નાની પડે છે. કારણ બહાદરપુરની નજીક ઘણા નાના ગામો આવેલા છે અને તેમના ગામમાં સુવિધા ન હોવાથી બહાદરપુર ભણવા આવે છે. શિક્ષણ મેળવવાની જાગૃતિ આવી છે. બહાદરપુર ગામમાં કોલેજ નથી આથી ઉચ્ચ શિક્ષણ મેળવવા વિદ્યાર્થીઓ બહાર જાય છે. નજીક

સંખેડામાં કોલેજ છે પરંતુ ત્યાં માત્ર આર્ટસ અને કોમર્સ કોલેજ છે. જયારે ડભોઇમાં દરેક વિભાગની કોલેજ છે.

ભારત દેશ ખેતીપ્રધાન દેશ છે. પરંતુ આ વિભાગમાં ખેતી ને અનુલક્ષીને શિક્ષણની ઘણી ઉણપ હતી તે અંગેના શિક્ષણ નુ માર્ગદર્શન પુરૂ પાડે તેવી કોઇજ સંસ્થા બહાદરપુરની નજીક કે દૂરના જીલ્લાઓમાં હતી નહીં. લોકોની માંગ હતી પરંતુ સરકાર ઘણી નિષ્ક્રીય હતી. શાહ નવનીત લાલ રમણલાલ બહાદરપુરના જ વતની છે ગામના વિકાસ માટે ઘણા સક્રિય અને સેવાભાવી, અગ્રગણ્ય અતિ ઉત્સાહી શ્રી નવનીતલાલે ખેતીને લગતા શિક્ષણની સંસ્થા ખોલવામાં રસ ધરાવ્યો, અને પોતાની આગવી સુજ બુદ્ધિથી ઘણા પરિશ્રમ સાથે તન-મન-ધનથી સેવાના કાર્યો હાથપર ધર્યા. થોડો સમય બહાર રહી સંસ્થાઓમાં સેવા આપી વિશેષ અનુભવો લઇ અને સૌરાષ્ટ્રમાં શારદાગામમાં પણ અનુભવ લીધો. અમદાવાદ રાજકોટ કોલેજ કક્ષાએ અધ્યાપક તરીકે ઘણી સેવાઓ આપી પોતાના વતન માટેજ આ અનુભવો લીધા હતા. મનથી દ્રઢ સંકલ્પ કર્યો કે મારા ગામમાં અને ગામની આસપાસના લોકોને વધુમાં વધુ કેળવણીની સુવિધા મળે અને પોતાના દેશમાં આ શિક્ષણની જરૂરિયાત હતી માટેજ પોતાના વતનમાં નવી પધ્ધતિની કેળવણી મળે એવી ઉચ્ચ શિક્ષણ મેળવવા માટેની કોલેજ સ્વતંત્ર વિદ્યાપીઠ ખોલવાનો વિચાર કર્યો શ્રી નવનીતભાઇએ અતિ અગાધ પ્રયત્નો કર્યા હતા. ઘણી તનતોડ મહેનત સાથે તેમનો પરિશ્રમ ફળમાં પરિભ્રમયો ગામથી ત્રણ કિલોમીટર દૂર ગોલાગામડી તેમજ માંજરોલ ગામની લગભગ ૧૫ એકર જમીન પંચાયત તથા સરકાર પાસેથી પરવાનગી મેળવી લીધી સને ૧૯૭૨ના જુન માસમાં પ્રથમ વર્ષના ખેતીવાડીના વર્ગનું પૂજ્ય રવિશંકર મહારાજના હસ્તે ઉદ્ઘાટન કરાવ્યું. જેનુ નામ “ મંગલ ભારતી” આપ્યું. મંગલ ભારતી કૃષિ મહાવિદ્યાલય ખેતીના તેમજ લોક શિક્ષણના વિષયો શીખવી શકાય તે માટે ખોલવામાં આવી. મંગલ ભારતી સંસ્થાની સ્થાપના

૧૯૭૨ના જુન માસમાં થઈ અને આજે તે પૂર્ણ કક્ષાએ ફૂલીફાલી છે. ખેતીવાડીના શિક્ષણ ઉપરાંત સંસ્થાએ લોકોપયોગી ઘણા ઘણા કાર્યો કર્યા છે. આ કાર્ય થઇ શકે તે હેતુથી મંગલગ્રામ સેવાનિધિ ટ્રસ્ટ નામની સંસ્થા ખોલી છે. તે દ્વારા અત્યારે નેત્રયજ્ઞોથી માડી દંતયજ્ઞો, ટી.બી, રકતપિત્ત, જેવા ઘણા ઘણા જુદા જુદા રોગોના કેમ્પો ખોલી આદીવાસી જનતાને ઉપયોગી સેવા થઇ રહી છે. આ ઉપરાંત તાલુકાની જનતાના આદિવાસી વિસ્તારના નાના બાળકો જેને રમવા,ખેલવા તેમજ પૂર્વ પ્રથમિક શિક્ષણની જોગવાઇ હતીજ નહી તેવા વિસ્તારોમાં ઘોડીયાઘર (બાલવાડી) ખોલવામાં આવ્યા છે. જયાં બાળકોને રમવાના સાધનો તથા પૌષ્ટિક આહાર અને આરોગ્યની સેવાની પુરેપુરી સગવડ આપવામાં આવે છે. જયારે આદિવાસી ભાઇ બહેનો મજુરી પર જાય ત્યારે તેમના બાળકોની અગવડ દૂર કરવામાં આવે છે. ગામડાના લોકોના પશુઓ માટે પશુ સારવાર કેમ્પ પણ રાખવામાં આવે છે. દુષ્કાળના સમયમાં ઘરડા ઢોરોને તેમજ બીજા પશુઓને રાખવા માટે પાંજરાપોળની વ્યવસ્થા પણ કરેલ છે. આ બધા ઉમદા કાર્યો કરવા ઉપરાંત મંગલ ભારતીએ ઘણો વિકાસ કર્યો છે. માનવસેવા અર્થે ઘણી ઘણી પ્રગતિ કરી છે. ગોલા ગામડી કાલી તલાવડી પાસે ૨૫ વીંઘા જમીન ખરીદી છે. અને ત્યાં દવાખાનું શરૂ કર્યુ છે. જે મંગલ ભારતીની નજીક છે. અર્બન કો. ઓ.બેંકે દોઢ લાખ રૂા. તેમજ જીલ્લા આયોજન મંડળે રૂા. દોઢ લાખ મળી કુલ ત્રણ લાખ રૂપિયા દાનમાં આપ્યા આ ઉપરાંત ગામના લોકોએ અને પરદેશમાં વસતા ગામના ભાઇઓએ ઘણી સારી રકમ દવાખાનાના વિકાસ અર્થે આપી છે. હાલ ઘણી સુવિધાઓ દર્દીઓને અપાય છે. નિષ્ણાંત ડોકટરો દ્વારા રોગોનું સચોટ નિદાન થાય છે. તે સિવાય એક હોસ્પિટલ બહાદરપુર ગામમાં છે. બહાદરપુર ગામના વતની અને શ્રી દ્વારકેશ સાર્વજનિક હાઇસ્કૂલના પ્રિન્સીપાલ શ્રી ગોવિંદભાઇ ભીખાભાઇ શાહને શુભ વિચાર પોતાના ગામમાં અદ્યતન હોસ્પિટલ બનાવવાનો આવ્યો અને તેમની પ્રેરણાથી, તેમની ધગશથી અને ગામના લાકોના સાથ સહકારથી અને

શ્રી મહાપ્રભુજીની અસીમ કૃપાથી બહાદરપુર ગામમાં અદ્યતન હોસ્પિટલનું નિર્માણ થયું. વામન ટ્રસ્ટ શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજી હોસ્પિટલ નં-૧ નું સંવત ૧૯૯૭ ના રોજ તા-૨૫-૫-૯૭ના રોજ ખાતુ મુર્હુત કર્યુ. આજે અંદાજે ૯૦૦૦ ચો.ફુટ વિસ્તારમાં હોસ્પિટલ બની ગઇ છે. અને તેનું ઉદઘાટન આદરણીય સંત શ્રી સચ્ચીદાનંદ સ્વામીના વરદ હસ્તે થયું હતુ. ગામમાં અને પરદેશમાં વસતા ભાઇ બહેનો તરફથી દાન માં રકમ મળતું ગયું અને હોસ્પિટલમાં દર્દીઓને ઘણી અદ્યતન સુવિધા મળે છે. નિષ્ણાંત ડોકટરો દ્વારા દરેક રોગનું નિદાન થાય છે. બહાદરપુરના વતની પ.ભ. જસુબેન પનાલાલ મોતીલાલ દેસાઇ ના પરિવારે ૪૦ લાખ રૂા. નું સર્મપણ કર્યુ છે. આથી નં ૧ શાખાની હોસ્પિટલને શ્રીમતી જસુબેન પનાલાલ મોતીલાલ દેસાઇ તથા પરીવાર સમર્પિત શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજી હોસ્પિટલનું નામ આપ્યું છે. આજે આ હોસ્પિટલ બહાદરપુરની જનતા માટે અને બહાદરપુરની આજુ બાજુના ગામોની જનતા માટે ઘણી આર્શીવાદરૂપ છે. શ્રી ગોવિંદભાઇની તનતોડ મહેનત અને ધગશના કારણે આજે બહાદરપુર ગામમાં હોસ્પિટલ છે. ગામની સેવાભાવી જનતાનો ઘણો ઘણો સાથ સહકાર છે. આથી આ સુખ પ્રાપ્ત થયું છે. બહાદરપુરની આ સંસ્થાની બીજી પણ શાખા છે તે સંસ્થાને શ્રી વલ્લભચાર્ય મહાપ્રભુજી હોસ્પિટલ નં ૨ નામ આપવામાં આવ્યું છે. જે વડોદરામાં શ્રી વલ્લભ કોમ્પલેક્ષ, કલાદર્શન, વાઘોડીચા રોડ વિસ્તારમા છે. વાઘોડિયા રોડના વિસ્તારમાં રહેતા ગરીબ તેમજ મધ્યમ વર્ગને આ સેવાનો વધુમાં વધુ લાભ મળે માટે વામન ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ અદ્યતન હોસ્પિટલનું આયોજન કર્યુ અને આજે ઘણા ઘણા રોગનું નિદાન નિષ્ણાંત ડોકટરો દ્વારા થાય છે. દર્દીઓ ને જરૂરી સુવિધા મળે છે. આ હાસ્પિટલ અર્થે મોટુ દાન યુ.એસ.એ ના શ્રીમતી હર્ષાબેન હસુભાઇના પરિવાર તરફથી આવ્યું છે. નં ૧ અને નં ૨ બન્ને હોસ્પિટલોના ટ્રસ્ટીઓ હજી વધુ સુવિધા અપાયએવો પ્રયત્ન કરી રહયા છે. સેવાભાવી જનતા નો જેમ વધુ સાથ સહકાર મળશે તેમ વધુ રોગોના નિદાન નિષ્ણાંત ડોકટરો દ્વારા થશે કારણ આજે રોગો વધતા જાય છે.

માટે ''પહેલુ સુખ તે જાતે નર્યા''જનતા સુખી, તો ગામ સુખી ગામ સુખી તો દેશ સુખી બહાદરપુરમાં એક સાર્વજનિક પુસ્તકાલય લગભગ ૭૦ થી ૮૦ વર્ષથી ચાલુ છે. પહેલા મકાન મુસલમાન ફળિયા નજીક હતુ પરંતુ ૧૯૪૮માં તે મકાન વેચી દીધુ તે રૂપિયા તથા તાલુકા વિકાસ યોજનામાંથી મદદ લઇ બીજુ નવુ મોટુ મકાન પુસ્તકાલય માટે બજારમાં બંધાયું છે. જેમાં ઘણા સારા સારા પુસ્તકો છે. અને સારા પ્રમાણમા પુસ્તકો છે. દૈનિક પેપરો માસીકો પણ આવે છે. સાહિત્ય પ્રેમી જનતાને તેનો સારો લાભ મળે છે. સરકાર તરફથી ગ્રાન્ટ મળે છે. પુસ્તકાલયની આર્થિક સ્થિતિ  સારી છે.

બહાદરપુરમાં સરકાર તરફથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તેમજ પ્રસુતિ ગૃહ ચલાવવામાં આવે છે. ઘણા સમય પહેલા એટલે કે ૧૯૩૦ પહેલા બહાદરપુરમાં કોઇ રાહત દવાખાનું કે પ્રસુતિગૃહ હતા નહિં. એટલે ગામના લોકોએ એક સાર્વજનિક દવાખાનું ખોલ્યું હતુ. જેમાં કોઇ ફી દર્દી પાસે લેવામા આવતી નહીં. આ દવાખાનું ભાડાના મકાનમાં ચાલતુ હતું. ગામના સેવાભાવી સહગ્રહસ્થોએ સંસ્થાનું પોતાનું દવાખાનું ખોલવાનો વિચાર કર્યો, તે માટે રૂા.૧૦,૦૦૦નો એક બહાદરપુરના ભાઇ અમદાવાદ રહેતા હતા. તેમને દાનમાં આપ્યો આજે ત્યાં પ્રસુતિગૃહ ચાલે છે. તે સેવાભાવી ભાઇનું નામ છગનભાઇ અમી છે. બહાદરપુર ગામમાં સને ૧૯૪૮-૪૯ની સાલથી તાલુકાનું હોમગાર્ડઝ પ્રવૃત્તિ કેન્દ્ર છે. જે માર્કેટયાર્ડના કંમ્પાઉન્ડમાં ચાલતુ હતુ. ગુજરાત રાજયના હોમગાર્ડઝનું અહીં તાલીમ કેન્દ્ર હતુ. ગુજરાત ના બધા હોમગાર્ડઝ ભાઇ બહેનોને બહાદરપુરમાં તાલીમ અપાતી હતી. તાલુકાના કમાન્ડર શ્રીને રાષ્ટ્રપતિ ચંદ્રક પણ મળ્યો હતો.

બહાદરપુર સહકારી પ્રવૃત્તિમાં ખૂબ વિકિસત છે. ગામમાં  વિવિધ સહકારી મંડળી લગભગ છેલ્લા ૫૦ વર્ષથી ચાલુ છે. તેમા ખેડૂત ભાઇઓને ખેતીના પાક પર ધીરાણ તથા માલ વેચાણ કેન્દ્ર પણ રાખવામાં આવેલ છે. ખાતર, દવા, બીયારણ તેમજ અનાજ, કાપડનું

વિતરણ પણ કરવામાં આવ્યું હતુ. સરકાર માન્ય સસ્તા અનાજની દુકાન પણ ચલાવવામાં આવતી. આ ઉપરાંત ટુંકા ગાળાનુ ધીરાણ પણ કરવામાં આવતું હતુ. ખેડૂતોની સ્થિતી ખરાબ થવાથી નાણાં ની વસુલાત નહીં થતા સમય જતા મંડળીની આર્થિક સ્થિતિ ખરાબ થઇ ગઇ હતી.

બહાદરપુરમાં દૂધ ઉત્પાદક સહકારી મંડળી ખોલવામાં આવી છે. અને તની પ્રગતિ સારી છે. વડોદરા જીલ્લા દૂધ ઉત્પાદક મંડળી દરરોજ દૂધ ખરીદીને મોકલે છે. ગાયો ભેંસો ખરીદવા લોન આપે છે.

૧૯૫૦માં બહાદરપુરમાં કોટન સેલ સોસાયટીની સ્થાપના કરી હતી. તે સોસાયટી દ્વારા ખેડૂતોને કપાસનો ભાવ સારો મળતો હતો. પહેલા અર્બન કો.સોસાયટીની સ્થાપના ૧૯૬૩માં  થઇ હતી. તેનું રૂપાંતર કરી બહાદરપુર અર્બન કો.બેન્ક કરવામાં આવી. બેન્કે ઘણો વિકાસ કર્યો હતો પોતાનું મકાન બે ભાગમાં બનાવ્યું હતુ. નફો સારો થવાથી સાર્વજનિક સંસ્થાઓ ને સારૂ દાન આપતા, સમય જતા બેન્કની વ્યવસ્થા માં ઘણી ઉણપ આવી આથી એક સમય એવો આવ્યો કે સહકારી સમૃધ્ધ બેન્ક બીલકુલ બંધ થઇ ગઇ. બહાદરપુરમાં બેન્ક ઓફ બરોડાએ પોતાની શાખા ખોલી છે. તે શાખા ગામના લોકોને અને આજુબાજુના નાના ગામો માટે આર્શિવાદરૂપ છે. બેન્ક ઓફ બરોડા ખેડૂતોને, કારીગરોને, મધ્યમ વેપારીભાઇઓને અને જમીન પર અને મીલ્કત પર ધીરાણ કરે છે. આ ઉપરાંત ટ્રેકટર, પાઇપ લાઇન, મશીનો પર પણ લાંબાગાળા નું ધીરાણ કરે છે. આ બેન્કે પણ ગામના વિકાસ માટે ફાળો  આપ્યો છે. આ બેન્ક ગામમાં હોળી ચકલામાં છે. બહાદરપુર ગામના ખેડૂતો અને આજુબાજુના ગામડાઓના અને તાલુકાના ખેડૂતો મોટા ભાગે કપાસનું વાવેતર કરતા હતા. કપાસ મુખ્ય પાક હતો. પહેલા ગામમાં ચાર જીન હતા. સમય જતા જીનોમાં આર્થિક સ્થિતી બગડવાને કારણે જીનના ધીમે ધીમે ઘણા યુનિટ બંધ થયા. પહેલા જીન હોવાથી ગામના વહેપાર ધંધાનો વિકાસ ઘણો હતો.

અનાજ, કાપડ, લુહાર, દરજી વગેરેનો ધંધો ઘણો સારો હતો અને ગામની રોનક હતી. છેલ્લા કેટલાય સમયથી કપાસનુ વાવેતર ઓછું થયું જીન બંધ થવાથી બહારની પબ્લીકની ચહલ પહલ બંધ થવાથી વિકાસ મંદ પડયો. હાલ બહાદરપુર ગામની આસપાસ ગામોને જોડતા રસ્તા થઇ ગયો છે. આથી વાહનવ્યવહારની સુવિધાને કારણે ખેડૂતો પોતાનો માલ આજુબાજુના મોટા સેન્ટરો જેવાકે બોડેલી, ડભોઇ, વાઘોડીયા વગેરે સેન્ટરોમાં જઇને વેચે છે.

ગામમાં ઈંટો પાડવાનો ધંધો પણ ખૂબજ સારા પ્રમાણમાં વિકસ્યો છે. જીલ્લાના ઘણા ગામોમાં ઈંટો બહાદરપુરથી જાય છે. કુંભારો માટલા બનાવી બહાર મોકલે છે. બહાદરપુર ઓરસંગ નદી કિનારે હોવાથી પટમાં રેતી છે. તે રેતી વડોદરા જીલ્લા ખેડા તેમજ પંચમહાલ જીલ્લામાં જાય છે.

બહાદરપુરમાં ખેતીમાં મુખ્યત્વે કપાસ, તુવેર, જુવાર, ઘઉં પકવે છે. તલ, ચણા, બાજરી, મગફળી, દીવેલા અડદ વગેરે ગૌણ પાકો છે. જોજવા, વઢવાણાની કેનાલ પસાર થતી હોવાને કારણે બહાદરપુરની કેટલીક જમીન પીયત વિસ્તારને કારણે ખેતીમાં સમૃધ્ધ છે. જેમાં ઘઉં, ડાંગરના બે પાકો લે છે. અર્ધ પીયત જમીનનો વિસ્તાર ઓછો છે. પ્રમાણમાં બીન પીયત જમીનનો વિસ્તાર વધુ છે. આથી એક પાક લઇ શકે છે. અને વરસાદની અનિયમિતાને કારણે ખેડૂતોની સ્થિતી સારી નથી. ગામની જમીન ખેડાણ સિવાયની ખરાબ જમીન, બીન ખેડાણ જમીન, ગૌચર જમીન છે. જમીન બે પ્રકારની છે. કાળી, ચીકણી તેમજ ગોરાટ જમીન છે. ગામના ઘણા ઘણા કુટુંબો પરદેશ અને નોકરી ધંધા અર્થે બહાર છે. આથી ગામ સુખી છે. પોતાના વતનને વિકાસાવવાના પ્રયત્નો સેવાભાવી ભાઇ બહેનો કરે છે.

વર્ષો પહેલા ગામમાં સેવાદળ હતુ જેથી ત્યાં બાળકોના સંસ્કારનું સિંચન થતુ. રમત ગમત, ગરબા,નૃત્ય,નાટિકાઓ ભજવતા આથી બાળકોના આત્મબળનો વિકાસ થતો. બાળકોની કુટેવો પર ખાસ ધ્યાન આપતા.

શિસ્ત રાખવાનો વિશેષ આગ્રહ હતો. સેવાદળ શરૂ કરવાની પ્રેરણા આપનાર અને તનમન થી સેવાદળમાં સેવા આપનાર ચંપકભાઇ વ્યાસ હતા. તેઓશ્રીએ ગામના બાળકોના વિકાસ માટે ઘણો પરિશ્રમ લીધો હતો બહાદરપુરમાં પુસ્તકાલય, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની વ્યવસ્થા ઉભી થઇ તે સિવાય બહાદરપુરમાં સ્વચ્છતા અને સુંદરતા તેમજ બીજી જરૂરિયાત ની સુવિધા ધીમે ધીમે ગામ લોકોએ કરી તે માટે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ ખોલવામાં આવી હતી.

દરેક ગામની વસ્તીને  ધ્યાનમાં રાખી સુધરાઈની સ્થાપના કરવામાં આવી. આ સુધરાઈ ની અ.બ.ક વર્ગની વ્યાખ્યા કરવામાં આવી. બહાદરપુર બ વર્ગની સુધરાઇ હતી. તેના પ્રમુખ તરીકે તાલુકા મામલતદાર રહેતા હતા. જયારે ઉપ પ્રમુખ તેમજ કારોબારીના સભ્યોની ચુંટણી ગામમાં થતી અને તે સભ્ય ગામમાંથી ચુટાઇને આવતા હતા. તાલુકામાં તાલુકાબોર્ડ રચવામાં આવતુ હતુ. જીલ્લાના વહિવટ માટે લોકલબોર્ડની રચના કરવામા આવતી હતી. બહાદરપુરમાંથી પણ જીલ્લા લોકલ બોર્ડમાં એક પ્રતિનિધિ જતા હતા. બહાદરપુરમાં ફરજીયાત શિક્ષણ આરોગ્ય સેવા સ્થાનિક સુધરાઇ અસ્તીત્વમાં આવેલા. આ ઉપરાંત અસ્પૃશ્યતા નિવારણ તથા એક પત્નીત્વનો કાયદો દાખલ કરવામા આવ્યો હતો. પશુ સારવાર માટે વેટરનરી ડોકટર દર ત્રીજે દિવસે આવી બહાદરપુરના તથા આજુબાજુના ગામના ઢોરની સારવાર કરતા હતા. બહાદરપુરના ગામના બાળકોને માધ્યમિક શિક્ષણ દ્વારા અંગ્રેજી શિક્ષણ અપાતુ. આથી ગામના બાળકો સારું શિક્ષણ મેળવી શકે તેવી સુવિધા થઇ. ગામના રોડ સારા બન્યા. ગામમાં ટાવર બન્યું. ગામની સેવાભાવી જનતાથી બહાદરપુરની ઘણી પ્રગતિ થઇ છે.

બહાદરપુર ગામની જનતા ધાર્મિક છે. સેવાભાવી અને એકતા નો સ્વભાવ દરેક નાગરિકભાઇ બહેનો ધરાવે છે. માટેજ મોટા તહેવારો ધામધૂમથી ઉજવે છે. બહાદરપુર ગામમાં પુષ્ટિ માર્ગીય ચાર મંદિર છે. ગામ નાનું છે. તેના પ્રમાણમાં મંદિર અધિક છે. આથી ચોકકસ કહી

શકાય કે બહાદરપુરની ભૂમિ ઘણી પવિત્ર છે. શ્રી ગોવર્ધન નાથજીની હવેલી મંદિર તેમજ શ્રી નાથજીની હવેલી મંદિર તેમજ શ્રી ગોકુલનાથજી ના બે મંદિર છે. તેમજ ગામમાં સત્સંગ હોલ છે. માતા મહાદેવના મંદિર છે. ગામમાં સેવાભાવી ભાઇ-બહેનોએ ઘણુ ઘણુ દાન આપ્યું છે. તેમના દરેકના નામનો ઉલ્લેખ કર્યો નથી, કારણ બહાદરપુરની સમૃદ્ધિનો ઘણા સંક્ષેપમાંજ ગામ દર્શન કરાવ્યું, આથી જે કોઇ અધુરી માહીતી રહી ગઇ હોય તે માટે ગામના પ્રજાજનો ની ક્ષમા ચાહું છું. બહાદરપુરની આ માહિતી દેસાઇ પ્રકાશ મુકુંદભાઇને આભારી છે. તેમને સર્વ માહીતીનું સંકલન કર્યુ હતુ અને આ માહીતીનેં બહાદરપુરની જનતાને આપવાનુ મને સૌભાગ્ય પ્રાપ્ત થયું. બહાદરપુર ગામમાં વણિક વૈષ્ણવોમાં જુદી જુદી અટકના દશા ઝારોલા છે. જેમાં દલાલ, શાહ, શેઠ, મજમુદાર, દેસાઇ તેમજ ગાંધી અને શાહ ડંગોરીયા, પરીખ વણિકો રહે છે. આજે દુનિયામાં નવી પેઢીમાં જાગૃતિ અને જીજ્ઞાસા વધી છે. આથી પોતાના વતન વિશે જાણવાની જીજ્ઞાસા રહે માટે આ સંક્ષેપમાં આપેલી માહીતીથી દેશ પરદેશમાં વસતા યુવાનો વતનને જાણી શકે, કુળ કુટુંબોને ઓળખી શકે,

## ઈતિહાસના પગથારે
## પ્રાગૈતિહાસિક યુગના અવશેષો...

ગુજરાતમા પ્રાકૃતિક કાળના અવશેષો લગભગ ૯૪ વર્ષ પર મળ્યા હતા. તે સમયે સાબરમતીના પટમા સાંડોલીયા ગામની સામે પેઠામણી, વીજાપુરથી લગભગ ૮ થી ૧૩ માઈલ માનોડીથી કાંટ આગળથી હથિયારો મળી આવ્યા હતા. નવી શોધ ઈ.સ. ૧૯૧૪માં એક શોધકનું જુથ હિંદમને ડંકન કોલેજ રીસર્ચ ઈન્ટરશીપ જુથ તરફથી ગોઠવવામાં આવ્યું હતુ. ડંકન કોલેજે સાત-આઠ વર્ષ સુધી આની શોધ ચાલુ રાખી હતી. અને જયારે એમ.એસ યુનિવર્સીટી વડોદરાની સ્થાપના થઈ ત્યારે ડંકન કોલેજે આ કામ એમ.એસ યુનિવર્સીટીને સોપ્યું અને હજી આ સંસ્થાઓ ગુજરાતમાં કામ કરી રહી છે.


આ શોધ દ્વારા તેમને લગભગ ૩૦૦ ઉપરાંત હથીયારો મળી આવ્યા હતા. તેમાં જુદી જુદી જાતની અને આકારની હાથકુહાડી, થેડાક ચપ્પુના પાના જેવી પણ મોટી, પત્થરથી સહેજ ઘડીને બનાવેલા હથિયારો મળી આવ્યા હતા. મહીનદી પાસે ખોદકામ દ્વારા ત્રણ ચાર સ્થળેથી ઉપર જણાવેલા હથીયારો મળ્યા હતા. તેવીજ રીતે ઓરસંગના કાંઠે બહાદરપુર આગળ કવાર્ટઝ નામના પથ્થરમાંથી બનાવેલા ચપ્પુના પાના જેવી પથરી અને બદામ આકાર જેવી કુહાડી મળી આવી હતી. માનવ નદીના પટની અંદર નહી પણ આદ્ય નદીઓ ને તીરે વસતા હતા. હાલ જે નદીઓના પટો છે તે નવા છે.પહેલા ત્યાં આદ્ય નદીઓ વહેતી હોય કે ના પણ હોય. ઉપર જેમ કહ્યુ તેમ આ પટો છેલ્લા ત્રણ ચાર હજાર પૂર્વ કોરાયા છે. (ગુજરાતની કીર્તી ગાથા - કનૈયાલાલ મુન્શી બીજી આવૃત્તિ પ્રકરણ બીજાનું નવું સંસ્કરણ લેખક ડો. હસમુખલાલ સાંકળીયા.) ઓરસંગના કાંઠે બહાદરપુર આગળ કવાર્ટઝ પથ્થરમાંથી બનાવેલી ચપ્પુના પાના જેવી પથરી અને બદામ જેવીં હાથ કુહાડીના ચિત્રો આ સાથે રજુ કરેલ છે. ઓરસંગમાંથી કવાર્ટઝનો અને કવાર્ટઝાઈટનાં હથીયારો મળ્યા છે. કારણકે બન્ને જાતના અવશેષો

ઉપલબ્ધ છે. ઓરસંગનુ (તળીયુ) પટ કઠણ નથી રહ્યું. ઘણી જગ્યાએ ઢીલુ થઇ ગયું છે. એટલે તેમાંથી મળેલા હથીયારો બહુધા લીસા થવાથી ઘસાઇ જવા આવ્યા છે. એની ધાર અને પાસાઓ અફળાઇ કુટાઇને લીસા થઇ ગયા છે. છતાં થોડાક એવા પણ હથીયારો છે ખાસ કરીને સફેદ સુંદર કવાર્ટઝના હાથ કુહાડા જે હમણાંજ બનાવ્યા હોય તેવા નવા લાગે છે. બહાદરપુર ગામમાંથી કવાર્ટઝ અને કવાર્ટઝાઇટ બન્ને પ્રકારના હથીયારો મળી આવ્યા છે. કવાર્ટઝ :- કવાર્ટઝ શુધ્ધ સિલિકાના બનેલા સ્ફટીકરૂપ ધારણ કરેલા કિંવાસ્ફટિક રહિત પથ્થરને કવાર્ટઝ કહે છે. કવાર્ટઝાઇટ - રેતીના પથ્થરો દબાણ અને સાંધનારી વસ્તુમાંથી બંધાય છે. એમા સિલિકા પેદા કરતી વાદળીઓ (જીવડાં) એ બનાવેલા સિલિકા મિશ્રીત પાણી ઉતરવાથી પથ્થર ઘટ્ટ થાય છે. આવા ઘટ્ટ પથ્થરોને કવાર્ટઝાઇટ નામ આપવામા આવ્યું છે. ‘‘કોગ્લોમેરેટ’’ પાણીમાં રહીને ઘસાઇ ગોળ, લંબગોળ કાંકરા અને રેતી મિશ્રિત થઇને પાષાણી ભવન થયેલા થરને કોગ્લોમેટર કહેવામાં આવે છે.

લઘુ પાષણયુગના અવશેષો :- ગુજરાતમાં બે પાષાણ યુગો હતા એક જુનો પાષાણયુગ અને બીજો નવો પાષાણયુગ થઇ ગયા હોવાથી કલ્પના કરવામા આવે છે. પ્રથમ પાષાણયુગની સંસ્કૃતિના અવશેષો નદીના માધપટમાંથી મળતા હતા અને બીજા યુગના અવશેષો હાલના ગુજરાતની સપાટી ઉપરથી મળ્યા અને આ બે વચ્ચે કોઇ સ્થળે લગભગ ૨૦૦ ફુટનુ અંતર હોવાથી ‘‘ફુટે’’ એમ પ્રતિપાદન કર્યુ છે. આ બે પાષાણ યુગ વચ્ચે બહુ મોટુ અંતર પડયું હોવું જોઇએ. પ્રાગ ઐતિહાસિક શોધક જુથનો એક ઉદ્દેશ ‘‘ફુટે’’ની આ માન્યતા કેટલાક અંશે ખરી હતી. તે તપાસવાનો હતો. મધ્યગુજરાતમાં જે જે સ્થળેએ ‘‘ફુટે’’ને આવા નાના મકીકના હથીયારો અને ઠીકરાઓ મળ્યા હતા. તેમાં મહી કાંઠે ઝાલમપુરા અને વાસદ, ઓરસંગના કાંઠે બહાદરપુર, વડેલી, બોડેલીમાં થી મળ્યા હતા. ગુજરાતની કીર્તીગાથા-સંપાદક કનૈયાલાલ મુન્શી-પ્રકરણ બીજાનું નવુ સંસ્કરણ ડો. હસમુખલાલ

સાંકળીયા પાન નં ૧૯૭-૧૯૮ ‘‘ઉપર જણાવેલી વિગત બીજા એક પુસ્તકમાંથી પણ મળે છે. તે છે ગુજરાત એક દર્શક, લેખક શિવપ્રસાદ બી રાજગોર’’ તેમાં પ્રાચીન પાષાણ યુગના પ્રકરણમાં કોઈ પણ ગામ કે શહેરનો ઉલ્લેખ નથી પણ સાબરમતી મહી, ઓરસંગ, નર્મદા, કરજણ વગેરે નદીઓના ઉલ્લેખ મળે છે. તેમાં જણાવ્યુ છે કે સાબરમતીના પટના કવાર્ટરઝાઈટ હથીચાર, ઓરસંગના કાવર્ટઝ અને કવાર્ટઝાઈટ મળેલા ઓજારો ટાઈપના છે. જયારે લઘુ પાષણયુગના પ્રકરણમાં મધ્યયુગમાં ગુજરાતમાં મહી કાંઠે ઝાલમપુર અને વાસદ, ઓરસંગના કાંઠે શેકરીયા, બહાદરપુર, વડેલી, બોડેલી પાસેથી અવશેષો મળ્યાનો ઉલ્લેખ છે. આમ ઉપરની વાત ઉપરથી એટલુ કહી શકાય કે બહાદરપુર એ અતી પ્રાચીન ગામ છે. એ હકીકત સાબિત કરે છે. આ બહાદરપુર પાસેથી જે પ્રાચીન અને લઘુપાષાણ યુગના હથીચારો મળ્યા છે તે આ વાતની સાક્ષી પૂરે છે.

ડો. હસમુખલાલ સાંકળીયા તથા બીજી ઈતિહાસકારો નું માનવું છે કે જયાં આવા પ્રકારના અવશેષો મળે છે, ત્યાં આદિ માનવ વસતાજ હશે. જે જે સ્થળેથી આવા પ્રકારના અવશેષો મળ્યા છે તે મોટે ભાગે નદીના પટ વિસ્તારમાંથી મળ્યા છે. અને બહાદરપુરના અવશેષો ઓરસંગ નદીના કાંઠેથી મળ્યા છે. આ આદિ માનવનું રહેઠાણ ખુલ્લામાં નદી તીરેજ હોવું જોઈએ, કારણકે અહીજ એના હથિયારો મળ્યા છે. દક્ષિણ કે મધ્યહિંદમા એવી ગુફાઓનો કે ખડકોના આશ્રય નીચે રહેઠાણો નો સંભવ નથી. આવી જંગલી અવસ્થામાં કંદમુળ, ફળ અને પ્રાણીઓના શિકાર પરજ એનો નિર્વાહ ચાલતો હશે. એમાં શંકા નથી. ઉત્કૃષ્ટ નદીઓની ભેખડમાંથી જે જે સ્થળોએ ઓજારો મળ્યા છે તે ઉપરથી આશરે દોઢથી બે લાખ વર્ષ જુના હોવાની કલ્પના કરવામાં આવી છે. ‘‘ગુજરાત એક દર્શન-શીવપ્રસાદ રાજગોર, પા નં ૩૧૯ માં છે. આ કલ્પના માનવામાં ન આવે તેવી છે. છતાં કોઈ ચોકકસ પુરાવા સિવાય પણ કહી શકાય નહિં. ઉપરોકત પુસ્તકમાં આ યુગ પછી લઘુપાષણ યુગની સંસ્કૃતિ ઓછામા ઓછી ત્રણથી ચાર હજાર વર્ષ જુની હશે.



ઓરસંગને કાંઠે, બહાદુરપુર આગળ, Quartz નામના પથ્થરમાંથી બનાવેલી ચપ્પુના પાના જેવી પતરી (૧૦) અને બદામના આકાર જેવી હાથકુહાડી (૯).